GJBT030007722020

| | |
|---|---|
| કેસ રજુ | તા. ૨૭–૦૯–૧૯ |
| દાખલ | તા. ૨૭–૦૯–૧૯ |
| ફેંસલ | તા. ૧૭–૦૪–૨૬ |
| અવધિઃ– | <u>વર્ષ માસ દિવસ</u> |
| | ૦૬ ૦૬ ૨૧ |

**<u>–: ફોર્મ–એ :–</u>**

**ગઢડાના મે. એડી.જયુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં,**

**તા. ગઢડા, જી. બોટાદ.**

**જજમેન્ટ જાહેર કર્યા તા. ૧૭–૦૪–૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૧૧૩૩/૨૦૧૯**

**પોલીસ સ્ટેશન :–**ગઢડા પો.સ્ટે.સે. ગુ.ર.નં. ૨૦૦/૨૦૧૮

**આંક–૯૧**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–** (૧) મહેન્દ્રભાઇ અમકુભાઇ ખાચર,
ઉ.વ.આ. ૨૬, ધંધો–ખેતી,
રહે. વીરાવાડી ગામ, તા. ગઢડા જિ. બોટાદ

(૨) મંગળુભાઇ દડુભાઇ ગોવાળીયા,
ઉ.વ.આ. ૩૦, ધંધો–ખેતી,
રહે. રાયપર ગામ તા. ગઢડા જિ. બોટાદ

(૩) જયરાજભાઇ પીઠુભાઇ ગોવાળીયા,
ઉ.વ.આ. ૨૫, ધંધો–ખેતી,
રહે. રાયપર ગામ તા. ગઢડા જિ. બોટાદ

(૪) જયરાજ ઉર્ફે જે.કે. કથુભાઇ ગોવાળીયા,

ઉ.વ.આ. ૨૫, ધંધો – ખેતી,

રહે. રાયપર ગામ તા. ગઢડા જિ. બોટાદ

---

ફરીયાદપક્ષ તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રી – સંજયભાઇ આર.પટેલ.
આરોપી નં. ૧ તરફે વિદ્ધાન ધારાશાસ્ત્રીશ્રી – વી.કે.સોઢાતર
આરોપી નં. ૨ થી ૪ તરફે વિદ્ધાન ધારાશાસ્ત્રીશ્રી – બી.એચ.છત્રાવાલા

---

## –: ફોર્મ–બી:–

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૦૪–૦૮–૨૦૧૮ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા. ૦૪–૦૮–૨૦૧૮ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૨૭–૦૯–૨૦૧૯ |
| તહોમતનામુ ફરમાવ્યાની તારીખ | તા. ૦૯–૦૩–૨૦૨૩ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યાની તારીખ | તા. ૩૦–૦૯–૨૦૨૪ |
| હુકમ ઉપર રાખ્યાની તારીખ | તા. ૨૦–૦૩–૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યાની તારીખ | તા. ૧૭–૦૪–૨૦૨૬ |
| સજા અંગેનો હુકમ જાહેર કર્યાની તારીખ જો હોય તો | – |

–:આરોપીની વિગત:–

| | |
|---|---|
| આરોપીનો ક્રમ :– | ૧ |
| આરોપીનું નામ :– | મહેન્દ્રભાઇ અમકુભાઇ ખાચર |
| ધરપકડ કર્યા તારીખ :– | તા. ૧૩–૦૯–૨૦૧૮ |
| જામીન મુકત કર્યા તારીખ:– | – |
| કયો ગુનો નોંધાયેલો :– | ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ –૨૫(૧–બી)એ |

| | |
|---|---|
| છોડી મુકેલ કે સજા કરેલ :– | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગતો :– | – |
| ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહયાનો સમયગાળો :– | – |

| | |
|---|---|
| આરોપીનો ક્રમ :– | ૨ |
| આરોપીનું નામ :– | મંગળુભાઇ દડુભાઇ ગોવાળીયા |
| ધરપકડ કર્યા તારીખ :– | તા. ૨૩–૦૯–૨૦૧૮ |
| જામીન મુકત કર્યા તારીખ:– | – |
| કયો ગુનો નોંધાયેલો :– | ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ તથા આર્મ્સ એક્ટની કલમ –૨૫(૧–બી)એ |
| છોડી મુકેલ કે સજા કરેલ :– | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગતો :– | – |
| ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહયાનો સમયગાળો :– | – |

| | |
|---|---|
| આરોપીનો ક્રમ :– | ૩ |
| આરોપીનું નામ :– | જયરાજભાઇ પીઠુભાઇ ગોવાળીયા |
| ધરપકડ કર્યા તારીખ :– | તા. ૨૩–૦૯–૨૦૧૮ |
| જામીન મુકત કર્યા તારીખ:– | – |
| કયો ગુનો નોંધાયેલો :– | ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ તથા આર્મ્સ એક્ટની |

| | |
|---|---|
| | કલમ –૨૫(૧–બી)એ |
| છોડી મુકેલ કે સજા કરેલ :– | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગતો :– | – |
| ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહયાનો સમયગાળો :– | – |

| | |
|---|---|
| આરોપીનો ક્રમ :– | ૪ |
| આરોપીનું નામ :– | જયરાજ ઉર્ફે જે.કે. કથુભાઇ ગોવાળીયા |
| ધરપકડ કર્યા તારીખ :– | તા. ૧૩–૦૯–૨૦૧૮ |
| જામીન મુકત કર્યા તારીખ:– | – |
| કયો ગુનો નોંધાયેલો :– | ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ –૨૫(૧–બી)એ |
| છોડી મુકેલ કે સજા કરેલ :– | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગતો :– | – |
| ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહયાનો સમયગાળો :– | – |

## –: ફોર્મ–સી:–

### <u>ફરિયાદપક્ષ / આરોપીઓ પક્ષે / અદાલત ધ્વારા તપાસેલા સાહેદોની યાદી</u>

**એ**– ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–

| ફરિયાદી તરફે સાહેદ નં. | સાહેદનું નામ | સાહેદની કામગીરી | આંક |
|---|---|---|---|
| **૧.** | વનરાજભાઇ રાવતભાઇ વાળા | પંચ સાહેદ | ૩૧ |
| **૨.** | જગુભાઇ અનકભાઇ ખાચર | પંચ સાહેદ | ૩૩ |

| | | | |
|---|---|---|---|
| **૩.** | બુધાભાઇ ભીખાભાઇ ગળથરા | પંચ સાહેદ | ૩૫ |
| **૪.** | સંજયભાઇ ભીખાભાઇ ગલાણી | ફરીયાદી | ૪૬ |
| **૫.** | દીનેશભાઇ કરશનભાઇ પરમાર | સાહેદ | ૪૮ |
| **૬.** | રાજેશભાઇ ભીખાભાઇ ગલાણી | સાહેદ | ૪૯ |
| **૭.** | ધનલક્ષ્મીબેન વીરાભાઇ ડાંગર | ત.ક.અ. | ૫૪ |
| **૮.** | બીપીનકુમાર ભગવાનભાઇ પટેલ | સાહેદ | ૬૫ |
| **૯.** | શબ્બીરભાઇ અબ્દુલભાઇ ચંચાવાળા | સાહેદ | ૬૬ |
| **૧૦.** | કેશુભાઇ ભોજાભાઇ પરમાર | સાહેદ | ૬૭ |
| **૧૧.** | ભરતભાઇ દીચાળભાઇ ચૌહાણ | સાહેદ | ૬૮ |
| **૧૨.** | વિરમભા ગોરધનભા જતાપરા | સાહેદ | ૭૦ |
| **૧૩.** | મીતેશકુમાર ડાહ્યાભાઇ રાઠોડ | સાહેદ | ૭૧ |
| **૧૪.** | મહેશભાઇ ગભરૂભાઇ ખાચર | સાહેદ | ૭૬ |
| **૧૫.** | બ્રિજેશ લાભશંકર રાવલ | ત.ક.અ. | ૭૯ |

**બી**– આરોપી પક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–

| **સાહેદ નં.** | **સાહેદનું નામ** | **સાહેદની કામગીરી** |
|---|---|---|
| – | – | – |

**સી**– અદાલતે  તપાસેલા સાહેદોના પુરાવાની યાદી :–

| **સાહેદ નં.** | **સાહેદનું નામ** | **સાહેદની કામગીરી** |
|---|---|---|
| – | – | – |

**<u>ફરિયાદપક્ષ / આરોપીઓ પક્ષે / અદાલતે દસ્તાવેજી પુરાવાઓને આપેલા નંબર</u>**

**એ**– ફરિયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ફ.આંક–૩૨/ | આરોપી નં.૧ અને ૪ ની અટક કર્યા અંગેનું પંચનામુ |

| | | |
|---|---|---|
| | ફ.સા.૧ | |
| ૨. | ફ.આંક–૩૪/ ફ.સા.૨ | આરોપી નં. ૨ અને ૩ ની અટક કર્યા અંગેનું પંચનામુ |
| ૩. | ફ.આંક–૪૭/ ફ.સા.૪ | ફરીયાદ |
| ૪. | ફ.આંક–૫૫/ ફ.સા.૭ | એફ.આઇ.આર. |
| ૫. | ફ.આંક–૫૬/ ફ.સા.૭ | એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલેલ રીપોર્ટ તથા રવાનગી પત્રકનો રીપોર્ટ |
| ૬. | ફ.આંક–૫૭/ ફ.સા.૭ | એફ.એસ.એલ. રીપોર્ટ |
| ૭. | ફ.આંક–૫૮/ ફ.સા.૭ | ચાર્જશીટ કરવાની પરવાનગી આપતો પત્ર |
| ૮. | ફ.આંક–૫૯/ ફ.સા.૭ | ચાર્જશીટ કરવા મંજુરી હુકમ |
| ૯. | ફ.આંક–૬૧/ ફ.સા.૭ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૧૦. | ફ.આંક–૬૮ /એ / ફ.સા.૧૧ | બીલ નં. ૮૮૨ |
| ૧૧. | ફ.આંક–૭૨/ ફ.સા.૧૩ | જાહેરનામું |

**બી**– આરોપી પક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | – | – |

**સી**– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | – | – |
| ૨. | – | – |

**ડી**– વધારાના આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| **–** | **–** | **–** |

## –: ચુકાદો :–

**૧.)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે,

આ કામના ફરીયાદી લીંબાળી ડેમ સાઇડનું કામ રાખેલ હોય અને ત્યાં આર.સી.સી. બનાવવાનું કામ કરતા હોય જેથી આ કામના આરોપીઓ અવાર નવાર સાઇડ ઉપર જઇ ફરીયાદીને હેરાન પરેશાન કરતા હોય અને કામ આપવાનું કહેતા હોય તથા ટેન્ડર કોપી આપવાનું કહેતા ફરીયાદીએ ટેન્ડર કોપી ઓફીસેથી મેળવી લેવા અને કામ આપવાની ના પાડેલ હોય જેની દાઝ રાખી આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને ઢીકાપાટુનો માર મારી, ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપી નં.૩નાએ પોતાની પાસેનો દેશી તમંચો હથિયાર બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલો. જે અંગેની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ નોંધાવેલી.

જે ગઢડા પો.સ્ટે.ના સે.ગુના રજી. નં. ૨૦૦/૨૦૧૮ થી ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ –૨૫(૧–બી)એ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીએ ગુનાની તપાસ દરમ્યાન જરૂરી પંચનામાઓ તૈયાર કરી, જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતાં ચાર્જશીટ દાખલ કરેલું.

**૨.)** સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ

ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઇ, આરોપીઓ સામે સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસરની બજવણી થઇ ગયેલ છે. જે અન્વયે આરોપીઓ તેમના વિદ્ધાન વકીલશ્રી મારફત હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વીનામુલ્યે પુરી પાડવામાં આવેલી.

ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ **આંક–૦૭** થી તહોમતનામુ ફરમાવી, તે તહોમતનામા સબબ આરોપીઓની **આંક–૦૮ થી આંક–૧૧** સુધી પ્લી નોંધવામાં આવેલી. જેમાં આરોપીઓએ ગુનો કબુલ કરવાનો ઇન્કાર કરી, પોતે ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલી.

**૩.)** ઉપરોક્ત પુરાવા બાદ વિદ્ધાન એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક વિનંતીથી જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમા તેઓએ ધંધાકીય વૈમનસ્યથી ખોટી ફરીયાદ કરેલ હોય, નિર્દોષ હોય ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૪.)** ફરીયાદપક્ષ તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષની હકીકતો મુજબની મૌખિક દલીલો કરેલી છે, જે ધ્યાને લીધી.

જ્યારે આરોપી નં. ૧ તરફે વિદ્ધાન વકીલશ્રી વી.કે. સોઢાતર અને આરોપી નં. ૨ થી ૪ તરફે વિદ્ધાન વકીલશ્રી બી.એચ. છત્રાવાલાની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આરોપીઓએ ફરિયાદીને કે સાહેદને કોઇ માર મારેલ નથી, ગાળો આપેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે દેશી તમંચો બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. આમ, હાલના આરોપીઓને આ કામે કોઇ ગુનો આચરેલ નથી જેથી આરોપીઓને આ કામમાં તકસીરવાન ઠરાવી શકાય નહી અને તેઓને નિર્દોષ છોડી મુકવા દલીલ કરેલ છે.

**૫.)** ઉપરોકત ફરીયાદ, હકીકતો અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –: મુદ્દાઓ :–

**૧.** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના ફરીયાદી લીંબાળી ડેમ સાઇડનું કામ રાખેલ હોય અને ત્યાં આર.સી.સી. બનાવવાનું કામ કરતા હોય જેથી આ કામના આરોપીઓ અવાર નવાર સાઇડ ઉપર જઇ ફરીયાદીને હેરાન પરેશાન કરતા હોય અને કામ આપવાનું કહેતા હોય તથા ટેન્ડર કોપી આપવાનું કહેતા ફરીયાદીએ ટેન્ડર કોપી ઓફીસેથી મેળવી લેવા અને કામ આપવાની ના પાડેલ હોય જેની દાઝ રાખી આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને ઢીકાપાટુનો માર મારી, ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપી નં.૩નાએ પોતાની પાસેનો દેશી તમંચો હથિયાર બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫ (૧–બી)એ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

**૨.** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

## –: કારણો :–

**<u>મુદ્દા નં.૧ :</u>**

**૬.)** આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓ સામે ઇ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ ના આક્ષેપો કરવામાં આવેલ છે જેના અનુસંધાને **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦** ની નીચે મુજબની જોગવાઇઓ ધ્યાને લેવી જરૂરી જણાઇ આવે છે.

**<u>કલમ–૩૧૯ વ્યથાઃ–</u>**

જે કોઇ વ્યકિત, બીજી કોઇ વ્યકિતને શારીરિક પીડા, રોગ કે અશકિત ઉપજાવે તેણે તેને વ્યથા કરી કહેવાય.

**<u>કલમ–૩૨૩ સ્વેચ્છાપુર્વક વ્યથા કરવા માટે શિક્ષાઃ–</u>**

ઉપરોક્ત ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબના **આવશ્યક તત્વો** પુરવાર કરવા જોઇશે.

૧. આરોપીએ શારીરિક પીડા, રોગ, અથવા અશકિત નીપજાવ્યા,

૨. આવું કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વકનું કરેલ હતું.

**કલમ–૫૦૪** મુજબનો ગુનો સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપુર્વક અપમાન કરવાને લગતો છે. જે શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

૧. આરોપીઓએ ઈરાદાપુર્વક કોઈનું અપમાન કર્યું.

૨. તેમ કરી આરોપીઓ તેને ઉશ્કેરવા માંગતો હતો.

૩. આરોપીઓ જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે.

**કલમ–૫૦૬(૨)** મુજબનો ગુનો ગુનાહીત ધમકીને લગતો છે. જે શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

૧. આરોપીઓએ ફરીયાદીની ધમકી આપેલી.

૨. તે ધમકી મુત્યુ નિપજાવવાની હતી.

૩. આવી ધમકી તેણે કરવાના કાયદેસરના કાર્યને ન કરવા કે કાર્યલોપ માટે આપવામાં આવેલ હતી.

**૭.)** ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓ સામે આર્મ્સ એક્ટ ૧૯૫૯ ની કલમ ૨૫(૧)(બી)(એ) ના આક્ષેપો કરવામાં આવેલ છે જેના અનુસંધાને તેની જોગવાઈઓ ધ્યાને લેવી જરુરી જણાઈ આવે છે.

**<u>આર્મ્સ એક્ટ ૧૯૫૯ ની કલમ ૨૫(૧)(બી)(એ)</u>**

ગેરકાયદેસર રીતે પ્રતિબંધિત દારૂગોળો અથવા શસ્ત્રો રાખવા, મેળવવા કે વેચવા સાથે સંબંધિત છે. આ કલમ હેઠળ, જો કોઈ વ્યક્તિ લાયસન્સ વગર પ્રતિબંધિત હથિયાર રાખે, તો તેને સાત વર્ષ સુધીની જેલની સજા, જે ૧૪ વર્ષ સુધી લંબાઈ શકે છે, અને દંડ થઈ શકે છે.

૮.) ફરીયાદપક્ષે આ કામે **ફરીયાદી સંજયભાઇ ભીખાભાઇ ગલાણીને આંક–૪૬ થી** તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આઠેક વર્ષ પહેલા ગઢડા ખાતે લીંબાળી ડેમ સાઈટ ઉપર બનેલો. બનાવ સમયે તેઓને ગઢડા તાલુકાના લીંબાળી ગામે લીંબાળી સિંચાઈ યોજનાનો ડેમ બનાવવાનો આર.સી.સી. કામનો કોન્ટ્રાકટ મળેલ હતો જેનુ એક વર્ષથી કામ ચાલુ કરેલ હતુ અને તેઓ બનાવ વખતે સાઈટ ઉપર જ રહેતા હતા. બનાવના દિવસે તેઓ તથા તેમના ડ્રાઈવર દીનેશભાઈ કરશનભાઈ પરમાર બંને મો.સા.લઈને ગઢડા ખાતે પંખો રીપેર કરવા ગયેલ હતા તે વખતે કેરાળા ગામે પહોંચતા રોડ ઉપર બે મો.સા.માં ચાર માણસો ઉભા હતા જેઓએ તેઓને ઉભા રાખેલા. ફરીયાદી આરોપીઓને ઓળખતા હતા . આરોપીઓએ ફરીયાદીને સાઈટ પર કામ બાબતે પુછેલ અને કામના ટેન્ડરની કોપી આપવા જણાવેલ જેથી તેઓએ આરોપીઓને સિંચાઈ વિભાગમાંથી કોપી મેળવી લેવા જણાવેલ અને આ બાબતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ બાદમાં આરોપીઓ જતા રહેલ હતા. બનાવ બાબતે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી જે ફરીયાદ તેમને બતાવતા તેમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. જે આ કામે આંક–૪૭ થી રજુ થયેલ છે. આ સિવાય બીજુ કંઈ બનેલ નહી કે મારે કઈ જણાવવુ નથી.

સદરહુ ફરીયાદી પોતાની પોલીસ રુબરુની ફરીયાદ અનુસાર પુરાવો આપતા ન હોવાથી નામદાર અદાલત દ્વારા તેમને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં સદરહું ફરીયાદીએ ફરિયાદપક્ષને અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી તેમને ફરી ગયેલા જાહેર કરેલા છે.

ફરિયાદી આરોપીઓને જોયેથી ઓળખી શકે છે.

બચાવપક્ષે ફરીયાદીએ પોતાની **ઉલટતપાસ**માં જણાવેલ છે કે, બનાવ વખતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કઇ બનેલ નહી. આરોપીઓએ ઢીકા પાટુનો માર મારેલ હોય, ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે તમંચા જેવુ હથીયાર બતાવેલ હોય તેવુ બનેલ નથી.

૯.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ દીનેશભાઇ કરશનભાઇ પરમારને આંક–૪૮ થી** તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, જેઓએ પોતાની સરતપાસમા જણાવેલ છે કે, બનાવ આજથી આઠેક વર્ષ પહેલા ગઢડા ખાતે લીંબાળી ડેમ સાઈટ ઉપર બનેલો. બનાવ સમયે ગઢડા તાલુકાના લીંબાળી ગામે લીંબાળી સિંચાઈ યોજનાનો ડેમ બનાવવાનો આર.સી.સી. કામનો કોન્ટ્રાકટ સંજયભાઈને મળેલ હતો જેનુ એક વર્ષથી કામ ચાલુ કરેલ હતુ અને તેઓ બનાવ વખતે સાઈટ ઉપર જ રહેતા હતા. બનાવના દિવસે તેઓ તથા સંજયભાઈ બંને મો.સા.લઈને ગઢડા ખાતે પંખો રીપેર કરવા ગયેલ હતા તે વખતે કેરાળા ગામે પહોંચતા રોડ ઉપર બે મો.સા.માં ચાર માણસો ઉભા હતા જેઓએ તેઓને ઉભા રાખેલા. સદરહું સાહેદ આરોપીઓને ઓળખતા હતા. આરોપીઓએ તેઓને સાઈટ પર કામ બાબતે પુછેલ અને કામના ટેન્ડરની કોપી આપવા જણાવેલ જેથી

સંજયભાઈએ આરોપીઓને સિંચાઈ વિભાગમાંથી કોપી મેળવી લેવા જણાવેલ અને આ બાબતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ બાદમાં આરોપીઓ જતા રહેલ હતા. બનાવ બાબતે પોલીસ સ્ટેશનમાં સંજયભાઈએ ફરીયાદ આપેલી. બનાવ બાબતે પોલીસે તેઓની પુછપરછ કરેલી.

સદરહુ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદન અનુસાર પુરાવો આપતા ન હોવાથી નામદાર અદાલત દ્વારા તેમને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં સાહેદે ફરિયાદપક્ષને અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી તેમને ફરી ગયેલા જાહેર કરેલા છે.

સાહેદ આરોપીઓને જોયેથી ઓળખી શકે છે.

બચાવપક્ષે સાહેદ પોતાની **ઉલટતપાસ**માં જણાવેલ છે કે, બનાવ વખતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કઇ બનેલ નહી. આરોપીઓએ ઢીકા પાટુનો માર મારેલ હોય, ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે તમંચા જેવુ હથીયાર બતાવેલ હોય તેવુ બનેલ નથી.

આમ, ફરીયાદી અને ફરીયાદીની સાથે હાજર હતા તેવા સાહેદ દિનેશભાઇ કરશનભાઇ પરમાર પોતાની કોર્ટ રુબરુની જુબાનીમાં આ કામના આરોપીઓએ તેઓને ઢીકા પાટુનો માર મારેલ હોય, ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે તમંચા જેવુ હથીયાર બતાવેલ હોય તેવુ બનેલ નથી તેવુ જણાવેલ છે.

**૧૦.)** ફરીયાદપક્ષે આ કામે સાહેદ રાજેશભાઇ ભીખાભાઇ ગલાણીને આંક–૪૯ થી, સાહેદ બીપીનકુમાર ભગવાનભાઇ પટેલને આંક–૬૫ થી, સાહેદ શબ્બીરભાઇ અબ્દુલભાઇ ચંચાવાળાને આંક–૬૬ થી, સાહેદ કેશુભાઇ ભોજાભાઇ

પરમારને આંક–૬૭ થી, સાહેદ ભરતભાઈ દયાળભાઈ ચૌહાણને આંક–૬૮ થી, સાહેદ વિરમભા ગોરધનભા જતાપરાને આંક–૭૦ થી, સાહેદ મહેશભાઈ ગભરૂભાઈ ખાચરને આંક–૭૬ થી તપાસેલ છે. સદરહુ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદન અનુસાર પુરાવો આપતા ન હોવાથી નામદાર અદાલત દ્વારા તેમને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં કોઇ સાહેદે ફરિયાદપક્ષને અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી તેમને ફરી ગયેલા જાહેર કરેલા છે.

**૧૧.)** ફરીયાદપક્ષે આ કામે પંચ સાહેદ વનરાજભાઈ રાવતભાઈ વાળાને આંક–૩૧ થી સોગંદ પર તપાસેલ છે જેઓ આંક–૩૨ થી રજુ થયેલ અટક પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય બીજુ કંઇ જાણતા ન હોવાનો પુરાવો આપેલ છે. તેમજ આ કામે પંચ સાહેદ જગુભાઇ અનકભાઈ ખાચરને આંક–૩૩ થી અને પંચ સાહેદ બુધાભાઇ ભીખાભાઇ ગળથરાને આંક–૩૫ થી સોગંદ પર તપાસેલ છે જેઓ આંક–૩૪ થી રજુ થયેલ અટક પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય તેઓ બીજુ કંઇ જાણતા ન હોવાનો પુરાવો આપેલ છે.

**૧૨.)** ફરીયાદપક્ષે આ કામે ત.ક.અ. ધનલક્ષ્મીબેન વીરાભાઈ ડાંગરને આંક–૫૪ થી સોગંદ ઉપર તપાસેલા છે તેમજ ત.ક.અ. બ્રિજેશ લાભશંકર રાવલને આંક–૭૯ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ આ કામે જરુરી પંચનામાઓ કરી, સાહેદોના નિવેદનો લઈ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલાનો પુરાવો આપેલ છે.

**૧૩.)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામના ત.ક.અ. દ્વારા આ કામે જરુરી પંચનામાઓ કરી, સાહેદોના નિવેદનો લઈ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.

કોર્ટમાં ચાર્જશીટ કરેલાનો પુરાવો આપેલ છે. પરંતુ, જયારે ફરીયાદી તથા ફરીયાદી સાથે હાજર સાહેદ કોર્ટ રુબરુમાં આ કામના આરોપીઓએ તેઓને ઢીકા પાટુનો માર મારેલ હોય, ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે તમંચા જેવુ હથિયાર બતાવેલ હોય તેવુ બનેલ નથી તેવુ જણાવેલ છે.

જેથી આ તમામ સાહેદોની જુબાની ધ્યાને લઇએ તો ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ બાબતે ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ સાહેદોની જુબાનીઓ તેમજ નિવેદનો ધ્યાને લઇએ તો, ફરીયાદપક્ષ આ કામના આરોપીએ ફરીયાદીને ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તે નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી અને તેના સમર્થનમાં નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો **એ.બી.વાટલીચા વિ. ગુજરાત રાજ્ય [જી.એલ.આર. ૨૦૧૧(૩) ૨૫૫૭]** ને માનસહ વંચાણે લેતાં તેના પેરા ૮ માં ઠરાવેલ છે કે,

> The complaint dated 28-1-2003 appears to be vague and no specific allegations are made which can show that the ingredient of Sec. 504 of I.P.C. are attracted qua accused No. 4 for issuance of process. In order to appreciate whether the language used by the petitioner would amount to an insult of the type as would invoke provocation of the nature mentioned above, it was necessary to know that what were the abusive words alleged to have been used by the petitioner. In the instant case, no such abusive words are mentioned or specified in the complaint. Therefore, it cannot be said that the language used by the petitioner would amount to an insult of the type as would invoke provocation of the nature stated above.

તેમજ આરોપીઓ પક્ષે આધાર રાખેલ નામદાર ગુજરાત હાઇકોર્ટનો અન્ય ચુકાદો **૨૦૦૭(૧) જી.એલ.એચ. ૩૩૭, પ્રવિણભાઇ બેચરભાઇ વણકર**

**વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં પણ નામદાર કોર્ટે ઠરાવેલ છે કે,

> Actual Words use by accused not coming on record. Unless they come on record, it is not possible to hold that the offence is committed. The insult as envisaged in S.504 must not only be intentional but also there by must give provocation to person insulted to break public peace or to commit any other offence.

નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **લોઝ ૨૦૧૫(૪)૧૯, જીવણભાઈ દેવજીભાઈ ભોગાયતા વિ. મોહનભાઈ પુરૂષોતમ મોકરીયા બ્રાહમીન** ને જોવામાં આવે તો તેમાં પેરા–૧૨ માં એવું ઠરાવવામાં આવેલ છે કે,

> A bare perusal of section 506 of the I.P.C. makes it clear that a part of it relates to a criminal intimidation is made out, it must be established that the accused had an intention to cause alarm to the complainant. Let me assume for the moment, what has been alleged in the complaint is true, even then, mere threats given the accused, not with an intention to cause alarm to the complainant, would not constitute an offence of criminal intimidation.

આજ સંદર્ભે અત્રેની અદાલત **૨૦૦૭(૧) જી.એલ.એચ. ૩૩૭, પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. ગુજરાત રાજ્ય**માં નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગાઉના ચુકાદો **૨૦૦૨(૧) જી.એલ.એચ.(UJ) ૪, મુનશફખાન ચાશીનખાન પઠાણ વિ. ગુજરાત રાજ્યનો ચુકાદો** રીફર કરવામાં આવેલ છે તે ચુકાદાના પારા–૧૧ માં ઠરાવેલ તે ઉપર આધાર રાખેલ છે.

> ...The words alleged to have been uttered by the petitioners in fact did not cause any alarm to the complainant right from the time they were alleged to have been uttered. There is no evidence worth the name to indicate that the complainant was not in a position to attend to his duties at any point of time after he lodged the complainant. Thus in the admitted facts and circumstances of the case, there is a clear error of law committed by the Courts below as noticed herein above....

આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, તો આ કામના આરોપીઓએ તેમને ગાળો બોલેલ હોય તે હકીકત રેકર્ડ પર જણાઇ આવતું નથી. તેથી આ કામે ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪ આરોપી સામે પુરવાર થતી નથી. આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આ કામના આરોપીઓએ સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય અને તેના કારણે સાહેદો ભયમાં રહેતા હોય અને પોતાનું સ્થળ છોડી જવાની ફરજ પડેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબની હકીકત પુરવાર થતી નથી.

**૧૪.)** હાલ ફરીયાદપક્ષે તપાસેલા સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, તેઓ આ કામના મહત્વના સાહેદો હોવાછતાં તેઓના પુરાવા ઉપરથી આરોપીઓની સદરહુ ગુનામાં કોઇ સંડોવણી થતી હોવાનું જણાઇ આવતું નથી.

આ સંદર્ભે પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ ને ધ્યાને લેતાં તેમાં એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે, No Particular number of witnesses shall in any case be required for the proof of any fact.

નામદાર સુપ્રિમકોર્ટે Veer Singh Vs. State of U.P. –Cri. Appeal No. 256–257 of 2009, Dt.: 10–12–2013 માં ઠરાવેલ છે કે, ... The weight and quality of Evidence are important rather than quantity Multiplicity or plurality of witness. Evidence must be weighted and not counted as per S. 134 of Evidence Act.

આમ, કેસના નિર્ણય માટે પુરાવાની ગુણવત્તા મહત્વની છે, નહી કે પુરાવાની સંખ્યા તેવું ઠરાવેલ છે. આજ સંદર્ભે **<u>૧૯૯૬(૨), કરન્ટ ક્રિમીનલ રીપોર્ટર, સતિષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન પાના નં. ૪ ના ચુકાદામાં</u>** નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે જજને ચોકકસપણે એમ લાગે કે, કેસના

સંજોગોને ધ્યાને લેતાં કેસનો અંત સજામાં પરીણમશે નહી ત્યારે કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રોસીઝર પુરી કરવા વેડફવો નહિ, જેથી આ કામે અન્ય સાહેદોને તપાસવામાં આવશે તો પણ કેસના ગુણદોષમાં કોઈ ફેરફાર થશે નહી.

**૧૫.)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો, કેસનું રેકર્ડ પ્રોસીડીંગ્સ, પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો વગેરે લક્ષમાં લેતાં, ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે આ કામના આરોપીઓએ તેઓને ઢીકા પાટુનો માર મારેલ હોય, ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે તમંચા જેવુ હથિયાર બતાવેલ હોય તેવુ બનેલ નથી

આમ, ઉપર ચર્ચા કરી તે અનુસાર ફરીયાદીના પુરાવાથી આરોપીઓ વિરૂધ્ધની કંઈ પણ હકીકતો ફલીત થતી ન હોય તેમજ ફરીયાદીના પુરાવામાં આરોપીઓ વિરૂધ્ધની કંઈ પણ હકીકતો જણાવતાં ન હોય તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપતાં નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ સાબિત કરવામાં સફળ રહેલ નથી. તેમજ જ્યારે આ કામના ઈજાપામનાર એ આ કામના મહત્વના સાહેદ છે પરંતુ તેઓ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય ત્યારે દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. જ્યારે આ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાઓ લીધેલા નથી.

**૧૬.)** વધુમાં, ફરીયાદપક્ષે આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં હાલના બનાવના સમયે જાહેરનામુ અમલમાં હોય આરોપીએ હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવાનું જણાઇ આવે છે પરંતુ હથીયારબંધીના જાહેરનામાના ઢંઢેરા અંગેનો કોઈ પુરાવો અદાલત સમક્ષ આવેલ નથી. જો કે દલીલ ખાતર માની લેવામાં આવે કે, બનાવ સમયે હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હતુ તો પણ આરોપીએ હથીયાર

ધારણ કરી, જાહેરનામાનો ભંગ કરેલ હોવાનું રજુ કરેલ પુરાવાથી સાબિત થતું નથી.

**૧૭.)** આ સંજોગોમાં જ્યારે ફરીયાદપક્ષના પુરાવામાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેટલો મજબુત પુરાવો મળી આવેલો ન હોય અને આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાનું તહોમત પુરવાર થઇ શકે તેમ ન હોય, ત્યારે ફરીયાદપક્ષ આરોપી સામે આક્ષેપવામાં આવેલ તહોમત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, તેમજ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો જોઇએ, જે તેણે આ કામે પુરવાર કરેલો ન હોય મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.)** આ કામના આરોપીઓ (૧) મહેન્દ્રભાઇ અમકુભાઇ ખાચર (૨) મંગળુભાઇ દડુભાઇ ગોવાળીયા (૩) જયરાજભાઇ પીઠુભાઇ ગોવાળીયા (૪) જયરાજ ઉર્ફે જે.કે. કથુભાઇ ગોવાળીયાનાઓને ગઢડા પો.સ્ટે.ના સે.ગુના રજી. નં. ૨૦૦/૨૦૧૮ થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે ઇ.પી.કો. કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ -૨૫(૧-બી) મુજબના ગુનાના કામના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** દરેક આરોપીના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ અન્વયે જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ તેને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.)** આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વાહન અંગે વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે તથા તેમા લાદેલ શરતો દુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪.) આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ તમંચો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૭ મી એપ્રિલ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૧૭–૦૪–૨૦૨૬.
મુ. ગઢડા.

(રવિન્દ્રકુમાર)
એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
તા. ગઢડા, જી. બોટાદ.
(જી.જે. ૦૦૧૭૧૩)

વિશાલ